# મદાયત્તં તુ પૌરુષમ્

– મુનીકુમાર પંડ્યા

‘તમે દયાનંદ કન્યાવીદ્યાલયના આચાર્ય થયા. ભોથાભાઈ જેવું ગામડીયું નામ તમને ન શોભે. તમે નામ બદલો. ભરતભાઈ રાખો’ – સોનગઢ ગુરુકુળ સંસ્થાના મુખ્યાધીષ્ઠાતાએ ભોથાભાઈ ખસીયાની હાઈ સ્કુલના આચાર્ય તરીકે પસંદગી કરતાં સલાહ આપી.

‘ના, હું નામ નહીં બદલું. આ જ નામથી હું આગળ આવ્યો. નામ મને વળગેલું છે. હું નામને નહીં.’ – ભોથાભાઈના જવાબમાં આત્મશ્રદ્ધાનો રણકો હતો.

આ આત્મશ્રદ્ધાનો રણકો તેમના તમામ વ્યવહાર, વાણી અને વર્તનમાં સંભળાય છે. દરેક મનુષ્યના જીવનમાં એક એવી કેન્દ્રસ્થ બાબત હોય છે જે એના જીવનનું ચાલકબળ બને છે. ગાંધીજીના જીવનનું ચાલકબળ ‘રામ’ નામ હતું. એનો પ્રભાવ સમગ્ર વીશ્વે નીહાળ્યો.

ભાવનગર–પાલીતાણા વચ્ચેની પુર્વ–પશ્ચીમ વહેતી સડક સોનગઢથી કાટખુણે વળીને દક્ષીણ દીશા ભણી ચાલી જાય છે. આ સોનગઢ ભોથાભાઈનું વતન. ઘરની પરીસ્થીતી એકદમ સામાન્ય. પીતા ભગવાનદાસ ખસીયા એક ગામથી બીજે ગામ ગાડાની ફેરી કરતા. માતાપીતા બન્ને અભણ. જ્ઞાતીએ કોળી. પડતા આખડતા ભોથાભાઈ ભણ્યા. આગળ વધ્યા. અનામતનો લાભ તો આજે મળે છે તે ત્યારે ન મળતો અને આથી તો તેમનું સ્વમાન ટક્યું. આત્મશ્રદ્ધા જાગી. હાથ નીચેના શીક્ષકો અરસપરસ વાતચીતમાં કે વીદ્યાર્થીને ઠપકો આપતાં અભાનપણે કોઈવાર તુચ્છકારથી ‘કોળી–વાઘરી’ બોલી જતા. ભોથાભાઈને કાને શબ્દો અથડાતા. આંખો મીંચી, કટાણું મોં કરી, કડવી દવાની જેમ શબ્દો ગળી જવા પડતા.

આચાર્ય થયા પછી ભોથાભાઈએ જેમ પોતાનું નામ બદલ્યું નહીં એમ કુબા જેવું માટીનું ખોરડું પણ છોડ્યું નહીં. આચાર્ય તરીકે મળતા ક્વાર્ટરમાં રહેવા ગયા નહીં. ગારમાટીથી લીંપેલું દેશી નળીયાંવાળું તેમનું નાનકડું ઘર એકદમ સુઘડ – વ્યવસ્થીત તેઓ રાખતા. આગંતુકોને ગારવાળી ભોંય ઉપર કોથળો પાથરીને અથવા નાનાઅમથા ફળીયામાં ખાટલો ઢાળીને બેસાડે. એક વખત ગુલાબદાસ બ્રોકર સોનગઢથી આવેલા. ભોથાભાઈ તેમને પોતાના ઘરે લઈ ગયા. અભણ મા સાથે ઓળખાણ કરાવીઃ ‘માડી, આ મોટા લેખક છે. ચોપડીઓ લખે છે’ વગેરે વગેરે.

દયાનંદ કન્યાવીદ્યાલયમાંથી સોનગઢની જ ગુરુકુળ(બૉયઝ) હાઈ સ્કુલમાં આચાર્ય તરીકે ભોથાભાઈની નીમણુંક કરવામાં આવી. ઉનાળાના વેકેશનમાં ચાર્જ સંભાળ્યો, વેકેશન પુરું થયું. શાળા ખુલી. ઉઘડતી શાળામાં ભોથાભાઈનો સ્પર્શ લાગી ચુક્યો હતો. ઑફીસ, સ્ટાફ રુમ, લાઈબ્રેરી – બધું એકદમ વ્યવસ્થીત. ઑફીસમાં ફાઈલોના આમતેમ ઢગલાના સ્થાને માત્ર એક જ કબાટમાં જરુરી ફાઈલો ગોઠવેલી. લાઈબ્રેરી માટે અલગ ખંડ ફાળવી વીદ્યાર્થીઓને નીયમીત પુસ્તકો મળે, સમાચાર–પત્રો વાંચવા મળે એવી વ્યવસ્થા ઉભી કરી. શાળામાં સમયસર હાજર થઈ જાય. સફેદ બુશકોટ અને પેન્ટ એ તેમનો કાયમી પોશાક. શાળા શરુ થાય એ પહેલાં સમુહપ્રાર્થના યોજાય. એમાં આરંભે વેદ મંત્રોનું ગાન થતું. ત્યાર પછી દસેક મીનીટ ભોથાભાઈ ઉદ્–બોધન કરે. પાંચ મીનીટ કાંઈ પ્રેરક વાત કરે. નેપોલીયન, ચાણક્ય, આઈન્સ્ટાઈન, રવીન્દ્રનાથ જેવા અનેક મહાપુરુષોનાં જીવનમાંથી પ્રેરક પ્રસંગો કહે. એમનાં લખાણો અંગે વાત કરે.

ગુરુકુળ હાઈ સ્કુલના આચાર્ય બન્યા પછી ઉઘડતી શાળાના પહેલા જ દીવસે તેમણે ‘આરામ હરામ હૈ’ના નીમીત્તે જવાહરલાલને યાદ કર્યા અને કહ્યું, ‘કામ કરો, કામ કરો. વર્ક...વર્ક...વર્ક...’ ને એક દીવસ વળી શેક્સ્પીયરનું આ સુત્ર સમજાવ્યું. ‘નેવર સે ડાઈ – હીંમત હારો નહીં.’

બ્લુ ચડ્ડી અને સફેદ શર્ટ એ શાળાનો યુનીફૉર્મ હતો. પહેલો પીરીયડ શરુ થાય એ પછી થોડીવારે ભોથાભાઈ શાળાની લોબીમાં નીકળે. વર્ગમાં તપાસ કરે. યુનીફૉર્મ પહેર્યા વીના કોઈ વીદ્યાર્થી આવ્યો હોય તો એને ઘરે જઈ યુનીફૉર્મ પહેરી આવવાનું કહે. યુનીફૉર્મ પહેરવાનો કડક નીયમ શરુ કર્યો. એક વાર એક વીદ્યાર્થીને યુનીફૉર્મ વગરનો જોયો. તેને યુનીફૉર્મ પહેરીને આવવાની સુચના આપી. પણ પેલાની ઘરની સ્થીતી સામાન્ય હતી. યુનીફૉર્મનો ખર્ચ પોસાય એમ નહોતો. ભોથાભાઈએ તરત ગામના કાપડીયા અને દરજી ઉપર પોતાના ખાતે ઉધાર રાખવા ચીઠ્ઠી લખી અને તે વીદ્યાર્થીને આપતાં કહ્યું: ‘જા. કાપડ લઈને દરજીને સીવવા આપી આવ. એક અઠવાડીયાની મુદત આપું છું. એ પછી યુનીફૉર્મ વગર શાળામાં નહીં આવવા દઉં.’

નવમા ધોરણના અમુક વીદ્યાર્થીઓ એક દીવસ એક શીક્ષકની વીરુદ્ધ ફરીયાદ લઈને ભોથાભાઈ પાસે ગયા. એમાં ભોથાભાઈનો દીકરો મહાવીર પણ હતો. બાબત એકદમ નાની હતી. ભોથાભાઈએ વીદ્યાર્થીઓને ધમકાવીને વર્ગમાં બેસાડી દીધા. એમાં સૌથી વધુ તેમણે મહાવીરને ધમકાવ્યો.

કોઈ વીદ્યાર્થીના ગળામાં માદળીયું કે દોરો બાંધેલો જુએ તો તરત ભોથાભાઈ પુછેઃ ‘શાનો દોરો છે ? શાનું માદળીયું છે ?’

વીદ્યાર્થીઓએ માતાજીનું માદળીયું કે દોરાધાગાવાળું કાંઈક પહેર્યું હોય તો એ કઢાવીને ફેંકાવી દે. આત્મશ્રદ્ધાથી તેને કહેઃ ‘જા. તને કાંઈ નહીં થાય. આવા ઢોંગધતુરામાં વીશ્વાસ નહીં રાખતાં તારી જાત ઉપર તું વીશ્વાસ રાખતાં શીખ.’ જ્યોતીષવીદ્યાના પણ ભોથાભાઈ એટલા જ વીરોધી. કોઈ શીક્ષક જ્યોતીષ અંગે વાત કરે તો તરત સલાહ આપે. ‘ભલાભાઈ, શું તમેય તે ભણેલા થઈને આવી બધી બાબતોમાં શ્રદ્ધા રાખો છો ? આનાથી તો ઉલટું પુરુષાર્થ હણાય છે. આવા વહેમમાં તમે કાં પડ્યા ?’ તેમણે બે મેટ્રીક્યુલેટ શીક્ષકોને ગ્રેજ્યુએટ થવા પ્રેરણા આપી. એક્સ્ટર્નલ પરીક્ષા શરુ થઈ હતી એનો લાભ લેવા કહ્યું. જ્યાં જ્યાં ભોથાભાઈનો સ્પર્શ થાય ત્યાં ત્યાં ઉત્સાહ અને આત્મવીશ્વાસ વ્યાપી વળે. એમનો અવાજ જ પુરી આત્મશ્રદ્ધાથી રણકતો.

કીરીટસીંહ ઝાલા નામના એક શીક્ષક ગુરુકુળ આશ્રમના અધ્યક્ષ પણ હતા. પુરા આર્યસમાજી અને પડછંદ શરીર. એમના વીશે એક જુદું પ્રકરણ લખી શકાય એમ છે. એક વાર તે બીમાર પડ્યા. શારીરીક રીતે તો ઠીક પણ માનસીક રીતે પણ તે નબળા પડ્યા. ભોથાભાઈ તેમની ખબર કાઢવા ગયા. કીરીટસીંહે માંદગીની વાત કરી. એક મહીનો રજા લઈને આરામ લેવાની ઈચ્છા વ્યક્ત કરી.

ભોથાભાઈ કહેઃ ‘અરે, તમેય શું કીરીટસીંહ ! આવું પડછંદ શરીર અને નાનીઅમથી માંદગીથી ડરી ગયા ? રજા શાની ? શાળાએ આવવાનું શરુ કરી દો. બધાંને હળોમળો. માંદગીનો વીચાર જ કરો મા. ભુલી જાઓ તમે માંદા છો એ. લાંબો સમય પથારીમાં પડ્યા રહેવાથી તો મન ઉલટું વધારે નબળું થઈ જશે.’

બેચાર દીવસમાં કીરીટસીંહ નોકરીમાં હાજર થઈ ગયા. થોડા જ વખતમાં તેમનાં શરીર અને મન હતાં એવાં થઈ ગયાં.

(3)

આત્મામાંથી નીકળતી વાણી અસર કરે છે. ઠાલી મોંની વાતો સામી વ્યક્તીને સ્પર્શતી નથી. ભોથાભાઈનું ખુદનું જીવન પણ બીજાને પ્રેરક બને એવું છે. અવનવું કાંઈને કાંઈ વાંચતા જ રહે. પુસ્તકો વસાવવાનો પણ ભોથાભાઈ શોખ ધરાવે છે. નીવૃત્ત થયા પછી ‘ગુજરાતી વીશ્વકોશ’ના બધા ભાગ તેમણે વસાવ્યા છે. હમણાં થોડાં વર્ષ અગાઉ એમના એક યુવાન પુત્રનું અવસાન થયું. પુત્રવધુ અને તેનાં સંતાનોની જવાબદારી ભોથાભાઈને શીરે આવી પડી. મેં ખરખરાની ટપાલ લખી. તો જવાબમાં ભોથાભાઈ આ મતલબનું લખે છેઃ

'આ દુ:ખમાં પણ ભગવાન પ્રત્યેની મારી શ્રદ્ધા ડગી નથી. એ મારું સદ્ ભાગ્ય છે. મારી એક જ પ્રાર્થના છે કે ઈશ્વર મને મારી જવાબદારી ઉપાડવાની શક્તી આપે. હું હીંમત હાર્યો નથી. હારીશ નહીં.'

ભોથાભાઈને મળવાનું બને છે ત્યારે તેમના વ્યક્તીત્વમાંથી આત્મશ્રદ્ધાભર્યા આ શબ્દોનો અવ્યક્ત રણકાર જાણે સંભળાય છે.

**'દૈવાયત્તં કુલે જન્મમ્ મદાયત્તં તુ પૌરુષમ્'** (કયા કુળમાં જન્મ લેવો તે દૈવના હાથમાં છે; પરંતુ પુરુષાર્થ મારા કાંડાબળની વાત છે.'

♦♦♦

– મુનીકુમાર પંડ્યા

**સંપર્ક:** 3 – ડુપ્લેક્સ, દુર્વેશનગર, **જુનાગઢ** – 362 001 **ફોન** – 0285-265 1372

મુનીકુમાર લીખીત પુસ્તક **'ઓળખ્યાં તેવાં આલેખ્યાં'** (**પ્રકાશક**– 'ગુજરાતી સાહીત્ય પરીષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, નદીકીનારે, અમદાવાદ–380 009, **આવૃત્તી** પહેલી– 2007, **પૃષ્ઠ**–167, **મુલ્ય**–રુપીયા 90/-)માંથી સાભાર... **ઉત્તમ ગજ્જર**

♦●♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: પાંચમું – અંક: 168-(2) – June 21, 2009

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં **અક્ષરાંકન: વીજેશ શુક્લ - vijvan302@gmail.com**

(♦)●(♦)●(♦)●(♦)●(♦)

How To Pay Courier Charges To Get The CD of 'BG'?

**A. ARRANGE FOR CASH PAYMENT AT MAGNET OFFICE**

Magnet Office Address :
404-405, Soham -II,
Near Navarang School Six Road,
Behind Aarogyam Hospital,
Navrangpura, **Ahmedabad – 380 009**
Phone : 079 - 6513 5400

**B. CASH DEPOSIT IN BANK**

**Payee - Magnet Technologies Private Limited**

| **Bank Name** | **Account Number** | **Address** |
|---|---|---|
| Kotak Mahindra Bank | 6532000002370 | Kotak Mahindra Bank Ltd., Neel Rekha, L.T. Road, Borivali (West), Mumbai – 400 092 |
| ICICI Bank | 053905000194 | Shreeji Sharan, Shantilal Modi Road, Kandivali (West), Mumbai – 400 067 |
| Bank Of India | 000620100005691 | Mangal Kunj, Swami Vivekanand Road, Borivali (west), Mumbai 400092 |

**C. SEND CHEQUE / DD To MAGNET OFFICE**

**D. ONLINE PAYMENT VIA 2Checkout AT :**
http://www.magnettechnologies.com/payment.php

**E. ONLINE PAYMENT VIA PAYPAL AT :**
http://www.gujaratilexicon.com/index.php?action=paypalPage

## Quick Download

No need to wait for CD, You can download it, It is quick and easy!
Just click on below link:
http://www.bhagvadgomandal.com/index.php?action=download

*Support our work by donations! Donations help us to continue our work.*

## Packing & Delivery Charges

**Details of Packing and Delivering Charges to be sent to Magnet Office as above:**

| **Location** | **Amount** |
|---|---|
| Gujarat | Rs. 30 |
| India | Rs. 50 |
| USA, UK | Rs. 750 |
| Rest of World | Rs. 1,000 |

## Distribution Centres

**You can get CD of Bhagwadgomandal from following Addresses :**

**We suggest you to call / email the centre before visiting for CD Collection.**

| **Location** | **Name** | **Address** | **Timings** |
|---|---|---|---|
| Ahmedabad | Magnet Technologies | 404-405, Soham-II, Near Navrang School Six Road, Navrangpura<br>Ph- 079 – 6513 5400<br>**email :** info@gujaratilexicon.com<br>getcd@bhagavadgomandal.com | Monday to Friday – 9.30 A.M to 6.30 P.M |
| Gandhinagar | Balvantbhai Patel | Plot No- 253/1, Sector – 7/A, Gandhinagar – 382 007<br>Mobile-99097 18403<br>**email :** patel.balvant@gmail.com | For time, please ring him |
| Vadodara | Mr. Ashok Pandey | Steelco Gujarat Ltd.,<br>4th Floor, Marble Arch (10 story building), Opp. Vanijyabhavan, Race course circle, Vadodara – 390 007<br>Ph – 0265 – 2333484<br>**email:**<br>sglbrd@dataone.in | Monday to Friday – 9.30 A.M. to 5.00 P.M. |
| Surat | Uttambhai Gajjar | 53, Gurunagar, Varchha Road, Surat<br>Ph- 0261-255 3591<br>**email :** uttamgajjar@hotmail.com | Moday to Friday – 9.00 to 11. 00 A.M and 4.00 to 7.00 P.M. ONLY |
| Rajkot | Bharatbhai Kapadia | Aastha, Prakash Society, Nirmala Convent Road, Opp. Nirmala Convent, Rajkot<br>Ph – 0281-258 4595<br>**email :** aasthabk@gmail.com | Moday to Friday – 8.30 to 11. 30 A.M and 4.30 to 6.30 P.M. |
| Bhavnagar | Jayant Meghani | Prasar, 1888, Atabhai Avenue, Bhavnagar – 364 002 | Monday to Saturday |

| | | | |
|---|---|---|---|
| | | Phone – 0278- 256 8452<br>**email :** prasarak@dataone.in | – 9.00 to 1.00 P.M and 3.00 to 8.00 P.M. |
| Mumbai | Chandaria Foundation | 12, Sudhakar Apartment, 26 Narayan Dhabolkar Marg, Malbar Hill, Mumbai – 400 006<br>Ph – 022 – 2363 4867 | Monday to Friday – 11.00 A.M. to 6.00 P.M. |
| United Kindgom | Vipool Kalyani | Parivaar Communications, 4, Rosecroft Walk, Wembley, Middlesex, HAO2JZ, UK<br>**email :** vipoolkalyani.opinion@btinternet.com | For time, please, write him email. |
| Canada | Keshav Chandaria | Comcraft Services Ltd<br>401-2, Lansing Sq.<br>Toronto M2J 4P8<br>Ontario<br>Canada<br>Ph : 1-416-494-7772<br>**email:** keshav@comcraft.com | For time, please, write him email or ring him. |
| USA | Harnish Jani | 4, Pleasant Drive,<br>Yardville, NJ-08620<br>USA<br>Ph :- 1-609-585-0861<br>Cell -1-609-577-7102<br>**email:** harnish5@yahoo.com | For time, please, write him email or ring him. |


**Maitri Shah**

info@gujaratilexicon.com

maitri.shah@magnettechnologies.com

Amdavad

Friday, 19 June, 2009